**છોટાઉદેપુર જીલ્લામાં અનુસૂચિત જનજાતિના બાળકોને પ્રિ–મેટ્રીક શિષ્યવૃતિ બાબત**

*15/4/2048 **શ્રી અભેસિંહ મોતીભાઈ તડવી** (સંખેડા)**: માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જનજાતિના બાળકોને પ્રિ–મેટ્રીક શિષ્યવૃત્તિ આપવા માટે તાલુકાવાર શાળાદીઠ કેટલી અરજીઓ સરકારને મળી,

(૨) તે પૈકી કેટલા બાળકોને પ્રિ–મેટ્રીક શિષ્યવૃતિની રકમ ચૂકવવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા બાળકોની કેટલી પ્રિ–મેટ્રીક શિષ્યવૃતિની રકમ ચૂકવવાની બાકી છે, અને

(૪) ઉક્ત બાકી રકમ ક્યાં સુધીમાં ચૂકવવાનું આયોજન છે?

**જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જનજાતિના બાળકોને પ્રિ–મેટ્રિક શિષ્યવૃતિ આપવા માટે તાલુકાવાર શાળાદીઠ ૧૮૭૫૪૯ અરજીઓ સરકારને મળેલ છે. જેની તાલુકાવાર અને શાળાવાર વિગત નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | શાળાઓની સંખ્યા | છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૨૭૮ | ૪૬૧૦૮ |
| ૨ | જેતપુરપાવી | ૨૦૯ | ૩૧૯૫૯ |
| ૩ | નસવાડી | ૨૭૩ | ૨૮૩૬૮ |
| ૪ | કવાંટ | ૨૪૦ | ૪૨૮૭૬ |
| ૫ | સંખેડા | ૨૦૭ | ૧૪૭૪૫ |
| ૬ | બોડેલી | ૨૫૪ | ૨૩૪૯૩ |
| કુલ | | ૧૪૬૧ | ૧૮૭૫૪૯ |

(૨) તે પૈકી ૧૮૫૧૪૪ બાળકોને પ્રિ–મેટ્રીક શિષ્યવૃતિની રકમ ચુકવવામાં આવી છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨૪૦૫ બાળકોની પ્રિ–મેટ્રીક શિષ્યવૃતિની રૂ. ૬૩.૧૧ લાખ રકમ ચુકવવાની બાકી છે, જેની વર્ષવાર વિગત નીચે મુજબ છે.

| વર્ષ | બાળકોની સંખ્યા | શિષ્યવૃતિની રકમ |
|---|---|---|
| વર્ષ ૨૦૨૨ (તા. ૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨) | ૧૮૧૯ | ૫૪.૫૭ |
| વર્ષ ૨૦૨૩ (તા. ૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩) | ૫૮૬ | ૮.૫૪ |
| કુલ | ૨૪૦૫ | ૬૩.૧૧ |

(૪) ઉક્ત વર્ષ ૨૦૨૨નું બાકી ચુકવણું વિદ્યાર્થીઓના આધાર લીંક થયેથી ચુકવણું થશે, તથા વર્ષ ૨૦૨૩નું રકમનું બિલ તિજોરી કચેરીમાં દાખલ કરેલ છે.

-----------------------------